2010-03-10 -Resolution passed by 4000 Sanatanis (1426)

॥ શ્રી સનાતન ધર્માય નમ: ॥

તા. ૧૦-૩-૨૦૧૦ના સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રિય સમાજના પ્રાંગણમાં લગભગ ૪૦૦૦ સનાતની ભાઇ-બહેનોની સભા ભરવામાં આવી હતી. આ એક ઐતિહાસિક મીટીંગ હતી. હાજર રહેલ ભાઇઓ અને બહેનો વચ્ચે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા.

:: ઠરાવો ::

૧. આ સભા અત્રેથી ઠરાવે છે કે આ સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથ મતનો કાયમને માટે ત્યાગ કરી સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો તેથી આ સમાજની મુળ ઓળખ સનાતન ધર્મી સમાજ તરીકેની છે અને તેને કાયમ રખાવવા માટે આપણી કેન્દ્રિય સમાજના નામમાં ''સનાતન'' શબ્દનો સમાવેશ કરવામાં આવે.

૨. તા. ૨૭-૨-૨૦૧૦ના સમાજના ભાઇશ્રી રમેશભાઇ માવજી વાઘડીયાની સતપંથી ભાઇઓ દ્વારા ઘરપકર કરવામાં આવી તેને આ સભા સખત શબ્દોમાં વખોડી કાઢે છે અને ઘરપકડ વખતે જે આ સમાજના ટ્રસ્ટીઓ અને આગેવાનોની હાજરી હોવા છતાં પ્રમુખશ્રીને એકલા મુકી દયાજનક સ્થિતિમાં મુકી નાસી ગયા તેવા લોકોને સમાજના હોદ્દા ઉપરથી તાત્કાલીક દૂર કરવામાં આવે એવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૩. આપણી સમાજને આ વર્ષે ૫૦ વર્ષ પુરા થવાથી આપણે સ્વર્ણિમ મહોત્સવ ઉજવવા જઇ રહ્યા છીએ ત્યારે આપણી કેન્દ્રિય સમાજ સ્પષ્ટપણે જાહેર કરે કે આ મહોત્સવ સનાતન ધર્મીઓનો મહોત્સવ છે અને સનાતન ભાઇઓ ઉજવશે તેવું ઠરાવવામાં આવે છે.

૪. આપણી સમાજના સનાતની ભાઇઓ ઉપર જે કાંઇ અત્યાર સુધી પીરાણા સતપંથી ભાઇઓ દ્વારા કોર્ટ કેસો અને પોલીસ ફરીયાદો થયેલ છે અને હવે પછી પણ થવાની છે તેને આ સભા સર્વાનુમતે સખતાઇથી વખોડી કાઢે છે અને એવું પણ ઠરાવે છે કે આ તમામ કેસો ભલે વ્યક્તિગત નામો ઉપર કરવામાં આવ્યા હોય પણ તે આપણા સનાતન ધર્મ ઉપર કરવામાં આવેલ છે એવું આ સભા માને છે. અને આપણી કેન્દ્રિય સમાજને તેવા સનાતની ભાઇઓની પડખે રહી સર્વ બાબતે મદદરૂપ થવાનું સુચન કરે છે.

ઉપરોક્ત ઠરાવોને આખી સભાએ હાથ ઉંચા કરીને સર્વાનુમતે બહાલી આપી છે અને આ ઠરાવોની મુળ નકલ કેન્દ્રિય સમાજને આપી અન્ય નકલો કચ્છની તેમજ કચ્છ બહારની તમામ સમાજોને સત્વરે મોકલી આપવાનો સભામાં અનુરોધ થયેલ.

॥ શ્રી સનાતન ધર્માય નમ: ॥

તા. ૧૦-૩-૨૦૧૦ના સનાતની ઓળખ ધરાવતી આપણી કેન્દ્રિય સમાજના પ્રાંગણમાં લગભગ ૪૦૦૦ સનાતની ભાઇ-બહેનોની સભા ભરવામાં આવી હતી. આ એક ઐતિહાસિક મીટીંગ હતી. હાજર રહેલ ભાઇઓ અને બહેનો વચ્ચે નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા.

:: ઠરાવો ::

૧. આ સભા અત્રેથી ઠરાવે છે કે આ સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેઓએ પીરાણા સતપંથ મતનો કાયમને માટે ત્યાગ કરી સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો તેથી આ સમાજની મુળ ઓળખ સનાતન ધર્મી સમાજ તરીકેની છે અને તેને કાયમ રખાવવા માટે આપણી કેન્દ્રિય સમાજના નામમાં ''સનાતન'' શબ્દનો સમાવેશ કરવામાં આવે.

૨. તા. ૨૭-૨-૨૦૧૦ના સમાજના ભાઇશ્રી રમેશભાઇ માવજી વાઘડીયાની સતપંથી ભાઇઓ દ્વારા ઘરપકર કરવામાં આવી તેને આ સભા સખત શબ્દોમાં વખોડી કાઢે છે અને ઘરપકડ વખતે જે આ સમાજના ટ્રસ્ટીઓ અને આગેવાનોની હાજરી હોવા છતાં પ્રમુખશ્રીને એકલા મુકી દયાજનક સ્થિતિમાં મુકી નાસી ગયા તેવા લોકોને સમાજના હોદ્દા ઉપરથી તાત્કાલીક દૂર કરવામાં આવે એવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૩. આપણી સમાજને આ વર્ષે ૫૦ વર્ષ પુરા થવાથી આપણે સ્વર્ણિમ મહોત્સવ ઉજવવા જઇ રહ્યા છીએ ત્યારે આપણી કેન્દ્રિય સમાજ સ્પષ્ટપણે જાહેર કરે કે આ મહોત્સવ સનાતન ધર્મીઓનો મહોત્સવ છે અને સનાતન ભાઇઓ ઉજવશે તેવું ઠરાવવામાં આવે છે.

૪. આપણી સમાજના સનાતની ભાઇઓ ઉપર જે કાંઇ અત્યાર સુધી પીરાણા સતપંથી ભાઇઓ દ્વારા કોર્ટ કેસો અને પોલીસ ફરીયાદો થયેલ છે અને હવે પછી પણ થવાની છે તેને આ સભા સર્વાનુમતે સખતાઇથી વખોડી કાઢે છે અને એવું પણ ઠરાવે છે કે આ તમામ કેસો ભલે વ્યક્તિગત નામો ઉપર કરવામાં આવ્યા હોય પણ તે આપણા સનાતન ધર્મ ઉપર કરવામાં આવેલ છે એવું આ સભા માને છે. અને આપણી કેન્દ્રિય સમાજને તેવા સનાતની ભાઇઓની પડખે રહી સર્વ બાબતે મદદરૂપ થવાનું સુચન કરે છે.

ઉપરોક્ત ઠરાવોને આખી સભાએ હાથ ઉંચા કરીને સર્વાનુમતે બહાલી આપી છે અને આ ઠરાવોની મુળ નકલ કેન્દ્રિય સમાજને આપી અન્ય નકલો કચ્છની તેમજ કચ્છ બહારની તમામ સમાજોને સત્વરે મોકલી આપવાનો સભામાં અનુરોધ થયેલ.

realpatidar.com